# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

રેફ નં. તાઃ ૦૨/૦૪/૨૦૨૪

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળની વાપી ખાતે મેડીકલ ઉપકરણો બનાવતી મેરીલ કંપનીની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગી અને ઇન્ડસ્ટ્રીયલ ટુર કમિટીના ચેરમેન અરવિંદ બાબાવાલાની અધ્યક્ષતામાં ચેમ્બર ઓફ કોમર્સના ૩૦થી વધુ સભ્યોના પ્રતિનિધિ મંડળે તા. ૪ માર્ચે વાપી ખાતે આવેલી મેરીલ કંપનીની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી હતી.

મેરીલ કંપનીના વહીવટી અધિકારી અમિત ઘોશિયાએ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળને આવકાર્યુ હતું અને કંપનીના વિવિધ વિભાગોની મુલાકાત કરાવી હતી. તેમને કંપની વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, નવીન અને અદ્યતન હેલ્થકેર સોલ્યુશન્સ દ્વારા માનવ જીવનની ગુણવત્તા સુધારવા માટે, બિલાખિયા ગૃપ દ્વારા મેરિલની સ્થાપના કરવામાં આવી હતી. તબીબી ઉપકરણ ઉત્પાદક તરીકે, મેરીલ દ્વારા આરોગ્ય સંભાળમાં સંશોધનાત્મકતાને સુધારવાનો પ્રયત્ન કરે છે, જેથી કરીને લોકોનું જીવન સમૃદ્ધ બને.

મેરિલ કંપની વેસ્કયુલર ઇન્ટરવેન્શન ડિવાઇસ, ઓર્થોપેડિક ઇમ્પ્લાન્ટ્સ, રોબોટિક્સ, એન્ડો–સર્જરી, ENT પ્રોડક્ટ્સ અને ઇન–વિટ્રો ડાયગ્નોસ્ટિક્સના રૂપમાં તબીબી ઉકેલોનું ઉત્પાદન કરે છે. આ કંપની અદ્યતન હેલ્થકેર સોલ્યુશન્સની ડિલિવરી સુનિશ્ચિત કરવાની પ્રતિબદ્ધતા ધરાવે છે. આ કંપની ક્લિનિકલ જરૂરિયાતોને ઓળખવા અને ક્રાંતિકારી ઉપચાર વિકસાવવા માટે ચિકિત્સકો અને વૈશ્વિક સંશોધકો સાથે સહયોગ કરે છે. આ કંપની તેઓની મેડીકલ પ્રોડકટ ૩૫થી ૪૦ દેશોમાં એક્ષ્પોર્ટ કરે છે.